# મિકેનિક એન્જિનીયરને આર્મીનું ૩.૮૪ લાખનું પેકેજ

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,રવિવાર

વૈશ્વિક મંદીની અસરોને ઓળંગીને નાના અને મધ્યમકક્ષાના ઉદ્યોગોએ પોતાના માટે યોગ્ય કર્મચારીઓ પસંદ કરવા પારૂલ ઈન્સ્ટિટ્યુટે પોતાના કેમ્પસમાં યોજેલી રિક્રુટમેન્ટ એક્ટિવિટીમાં સક્રીય ભાગ લીધો હતો. જો કે તેમાં બહુરાષ્ટ્રીય કંપનીઓ પણ જોડાઇ હતી.

## પારૂલ ઈન્સ્ટિ.ના પ્લેસમેન્ટ પ્રોગ્રામમાં મધ્યમ અને નાના ઉદ્યોગો આગળ

પ્રતિવર્ષની જેમ વાઘોડીયા તાલુકામાં આવેલા પારૂલ કેમ્પસમાં આ વર્ષે પણ કેમ્પસ ઈન્ટરવ્યું યોજાયા હતા. આ વર્ષે આ જોબમેળામાં ડિગ્રીધારી ઈજનેરો પસંદ કરવામાં ૧૯ કંપનીઓ, ડિપ્લોમાધારી એન્જિનિયરો પસંદ કરવા ૨૧ કંપનીઓ મેનેજમેન્ટ અભ્યાસક્રમના સ્નાતકો શોધવા ૪૨ કંપનીઓ અને ફાર્મસી ઉમેદવારો પસંદ કરવા ૯ કંપનીઓએ ભાગ લીધો હતો.

વૈશ્વિક સ્તર ધરાવતી કંપનીઓએ પણ વિવિધ વિદ્યાશાખાના નોકરીવાંચ્છુ ઉમેદવારોને ઓફર આપી હતી.

ડિગ્રી ઈજનેરી શાખામાં સૌથી મોટી ઓફર ઈન્ડિયન આર્મીએ ૩.૮૪ લાખના પેકેજ સાથે કરી હતી, તેણે મેહુલ વાસનાની નામના મિકેનિકલ એન્જિનિયર પર પસંદગી ઉતારી હતી. ભારતીય સેનાએ આ વિસ્તારમાં કદાચ પ્રથમવાર આવા કેમ્પસ ઈન્ટરવ્યુમાં ભાગ લીધો હતો. ડિપ્લોમાં ઈજનેરી શાખા ૨.૪ લાખ રૂપિયાનું પેકેજ સૌથી મોટુ રહ્યું હતું.

મેનેજમેન્ટ ફેકલ્ટીમાં ૩ વિદ્યાર્થીઓને ૨.૭૭ લાખ રૂપિયાનું સર્વોચ્ચ પેકેજ એક કંપનીએ આપ્યુ હતું. અમેરિકન વિશ્વસ્તરીય એક કંપની ૨.૪ લાખ રૂપિયાના વાર્ષિક પેકેજ સાથે બીજાક્રમે રહી હતી. એક સિક્યોરિટીઝ કંપનીએ એક સાથે ૧૨ ઉમેદવારોને જોબ ઓફર કરી હતી.

ફાર્મસી ફેકલ્ટીમાં એકસાથે પાંચ વિદ્યાર્થીઓને એક હેલ્થકેર કંપનીએ જોબ ઓફર કરી હતી. પણ એક વિશ્વસ્તરીય હેલ્થકેર કંપની રૂા.૨.૧૦ લાખના સર્વોચ્ચ પેકેજની ઓફર સાથે આ ક્ષેત્રમાં આગળ રહી હતી.

આ તમામ વ્યાવસાયિક વિદ્યાશાખાઓમાં કુલ ૪૦૫ વિદ્યાર્થીઓ પૈકી ડિગ્રી એન્જિનીયરીંગ ૧૩૬, ડિપ્લોમા એન્જિનિયરીંગ ૧૮૫, મેનેજમેન્ટ ૭૩, અને ફાર્મસીના ૧૧ ઉમેદવારો જોબ પ્લેસમેન્ટનો લાભ મેળવી શક્યા હતા.

સંસ્થાના સંચાલકો દ્વારા પેરામેડિકલ કોર્સિસના વિદ્યાર્થીઓ માટે પણ પ્લેસમેન્ટ પ્રોગ્રામનો પ્રયત્ન ચાલુ છે. આ વર્ષથી ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બીબીએ અને બીસીએના અભ્યાસક્રમ શરૂ થનાર હોવાનું પણ ડો. જયેશ પટેલે જણાવ્યુ હતું.